ગાંધીનગર સમાચાર

# અરવલ્લી જિલ્લામાં અગનવર્ષા

## ગરમીનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચ્યો : બપોરે રોડ સુમસામ : પશુ-પંખીઓ પણ પરેશાન

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં બે દિવસ વાદળછાયા વાતાવરણ પછી આકાશી વાદળો વિખેરાતા જાણે આકાશમાંથી અગનવર્ષા ગરમીથી માનવ સહિત પશુ-પંખીઓ પણ પરેશાન થઈ ગયા હતા. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં હજુ ગરમીમાં વધારો વધારો નોંધાતા ૪૧ ડીગ્રીને આંબી જતા લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. દહે દઝાડતી ગરમીની શરૂઆતમાં માનવ સહિત મુંગા પ્રાણીઓ પણ પરેશાન થઈ ગયા અવર-જવર સાવ બંધ થઈ જતા જાણે શહેરમાં કરફ્યુ જેવી સ્થિતિ સર્જાઈ હોય તેવો નજારો આજે જોવા મળ્યો હતો. શહેરના માર્ગો પર રખડતા પશુઓ સહિત આંબી જતાં હિટવેવની સમસ્યા સર્જાઈ હતી. આકાશમાંથી વરસતા અગનગોળાથી રક્ષણ મેળવવા વટેમાર્ગુઓ અને મહિલાઓ કપડા દ્વારા રક્ષણ મેળવવા કુદરત સામે





વરસી રહી હોય તેમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને આંબી જતા લોકો ગરમીમાં શેકાયા હતા. આકાશમાંથી વરસતા અગનગોળા વચ્ચે લોકો તાપમાં તપી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. કાળઝાળ થવાનો નિર્દેશ થતા ઉનાળો આકરો બનશે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે. ઉનાળાની ઋતુમાં બુધવારે તાપમાનના પારામાં ઉત્તરોઉત્તર છે. દેહ દઝાડતી આ ગરમીથી બચવા લોકો બપોર દરમિયાન ઘરમાં-ઓફીસમાં પંખા, એસી નીચે બેસી રહેવાનું યોગ્ય સમજતા ભરબપોરે શહેરના માર્ગો સુમસાન ભાસે છે. માર્ગો ઉપર લોકોની પક્ષીઓ પણ કાળઝાળ ગરમીથી બચવા છાંયડો અને તડકાની સીધી અસર ન પહોંચે તેવી જગ્યાઓ શોધી બેસી રહ્યા હતા. ઉનાળાની સીઝનમાં સૌપ્રથમ વાર બુધવારે ૪૧ ડિગ્રીને પારો તાપમાનનો મથામણ કરતા નજરે ચડી રહ્યા હતા. જાહેરમાર્ગો પર નાના ધંધા-રોજગારની દુકાનો અને હાથ-લારીઓ ધરાવતા લોકો પણ બપોરે છાંયડામાં આરામ ફરમાવતા નજરે ચડતા હતા.

# પ્રાંતિજમાં જ્વેલર્સની દુકાનમાં ગ્રાહક બનીને આવેલ ચોરને વેપારીએ રંગે હાથ પકડ્યો

## પોલીસ બોલાવી તલાશી લેતા ખીસ્સામાંથી વિંટીઓની થેલી મળી આવી

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ સોનીવાડા બજારચોક વિસ્તારમાં આવેલ સ્વાગત જ્વેલર્સની દુકાનમાં ગ્રાહકના વેશમાં આવેલ ચોરને જ્વેલર્સ માલિકની હોંશિયારીથી પકડાઈ ગયો હતો.



પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજારચોક સોનીવાડા વિસ્તારમાં આવેલ સ્વાગત જ્વેલર્સની દુકાનમાં ગ્રાહક બનીને આવીને જ્વેલર્સ માલિક પાસે નાનાં બાળકોની સોનાની વીંટીઓ માંગતા વેપારી દ્વારા જુદી જુદી ડીઝાઈનની બતાવી હતી. જેમાં પ્લાસ્ટિકની બેગમાં બે વિંટીઓ નાના બાળકોની નંગ વાળી બે વિંટીઓ બતાવી હતી અને ખરીદી કર્યા વગર ગ્રાહકનો વેશમાં આવેલ દુકાનની બહાર નીકળી ગયો હતો. અને વેપારીએ ટેબલ ઉપર થેલીવાળી બે વિંટીઓ ના જણાઈ આવતાં તરત જ ગ્રાહકને બુમ પાડી હતી. પણ વેપારીની બુમ સાંભળી બજારમાં ભાગતા બજારમાં જતા આવતા લોકોએ તથા બજારના માણસોએ તેને પકડી પાડ્યો હતો. અને પોલીસ બોલાવવામાં આવી હતી અને પોલીસે તેની તલાશી લેતા તેના પેન્ટનાં ખીસ્સામાંથી બે વિંટી મળી આવી હતી. જેની કિંમત ૪૨૦૦ જે વેપારીની નજર ચુક કરી ચોરી કરીને લઈ જતો આરોપી પોલીસે તલાસી લેતા પકડાયો હતો. જ્યારે પોલીસે પુછપરછ કરતાં શરાફતઅલી મહંમદઅલી સૈયદ રહે. જીલવાનીયા તા. રાજપુર, જી. ભડવાની રાજ્ય મધ્યપ્રદેશનો રહેવાસી હોવાનું માલુમ પડ્યું છે. અને સ્વાગત જ્વેલર્સના માલિક અમીતભાઈ ઉજનભાઈ જૈન રહે. પ્રાંતિજ શાન્તિનાથ સોસાયટી ફરીયાદના આધારે પોલીસે ગુનો નોંધી બે વિંટીઓ સાથે આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે. વિશ્વભરમાં પાણીની તંગીથી ચિંતીત છે ત્યારે આ બાળસહજ બુદ્ધિથી આ ટેણીયો ઘરમાં પાણીની તંગી નિવારવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત દ્વારા પીવાનું પાણી અને ઘરવપરાશના પાણી સપ્લાય કરવાના સમયે પ્લાસ્ટીકની પાઈપ વડે લાઈનબદ્ધ ડોલોમાં પાણી ભરીને પરિવારને મદદરૂપ થવાની સાથે ગરમીમાં ઠંડા પાણીથી નાહવાની લુફ્ત ઉઠાવતો નજરે પડી રહ્યો છે. ત્યારે એક પંક્તિ યાદ આવી જાય છે કે ''પૈસા બનાવી શકાય છે છતાંય લોકો પૈસા બચાવવા મથામણ કરે છે જ્યારે પાણી બનાવી શકાતુ નથી છતાંય બચાવવા પ્રજાજનો નિષ્કાળજી દાખવી રહ્યા છે.''

# તલોદનગરમાં સમસ્યાઓ વકરી

## વિસ્તારમાં પાણીના પાંચ બોર છતા લોકો તરસ્યા : આંતરિક માર્ગો ઉબડ-ખાબડ અને ગટરો ઉભરાય છે

તલોદ, તા. ૨૭

તલોદનગર છેલ્લા ઘણા સમયથી સમસ્યાઓથી ઘેરાયેલુ રહ્યું છે. પાલિકાના સત્તાધીશો વિકાસના નામે કરેલા કામોથી રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. નગરમાં ચાલતા અનેક કામો સમસ્યાઓ પેદા કરી રહ્યા છે. સમગ્ર વિસ્તાર હાલ પાણીની વિકટ સ્થિતિથી ગુજરી રહ્યો છે. વધુમાં તાજેતરમાં ગટરો કાર્યરત કર્યા પછી તેની યોગ્ય જાળવણી ન થતા ગંદકીથી ઉભરાઈ રહી છે. આમ પાલિકાના સત્તાધીશોની અણ આવડત થકી વિકાસના કામો અવરોધ પેદા કરી રહ્યા છે. જેથી શહેરીજનોમાં રાજકારણના આ ખેલ થકી ભારે આક્રોશ પેદા થયો છે.

તલોદનગરપાલિકામાં સત્તાની લાલસાએ નગરના કામોમાં કમઠાણ ઉભા થયા છે. વિકાસના નામે સમગ્ર નગરમાં પાણી માટે પાંચ બોર ઉભા કરાયા છે છતાં પુરતુ પાણી નગરજનોને મળતુ નથી. જેથી તાજેતરમાં પાલિકાના પૂર્વ પ્રમુખની આગેવાનીમાં વોર્ડ નં. ૫ અને વોર્ડ નં. ૬ના રહીશોએ તંત્રને આવેદન પત્ર પાઠવી સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી છે. સમગ્ર નગરમાં પાણી અને ગટરની લાઈનો નાખવા મુખ્ય માર્ગ તેમજ આંતરિક માર્ગ તોડી નાખી લાઈનો કાર્યરત કરાઈ હતી. પરંતુ હજુ સુધી પાણીની સમસ્યા હલ થઈ નથી. તો બીજી તરફ ગટરો પણ ઉભરાઈ રહી છે અને ગંદકીથી ખદબદી રહી છે. જ્યારે તુટેલા માર્ગો ઉબડખાબડ બની જઈ બેડોળ લાગી રહ્યા છે.

નગરમાં સાફ સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે અને મચ્છરો પેદા થયા છે જે કારણે ઝાડા-ઉલ્ટી, કમળો જેવા રોગો પેદા થવાનો ખતરો ઉભો થયો છે. સરકાર દ્વારા શૌચાલયો બનાવવા સહાય આપી છે પરંતુ કેટલાક ઠેકાણે શૌચાયલો બન્યા નથી અને ચેકો ઈસ્યુ થઈ ગયા છે જેથી નાણાંની હેરાફેરીની આશંકા સેવાઈ રહી છે અને સમસ્યાઓથી ઘેરાયેલુ તલોદનગર વિકાસ ઝંખી રહ્યું છે. પરંતુ સત્તાધીશોના સત્તા મેળવવાના રાજકારણના ખેલ રહીશો માટે ત્રાસદાયક બન્યા છે. મુખ્ય માર્ગો બન્યા પછી તુટી જવા તે પણ કટકીનું કમઠાણ હોવાનું લોકો ચર્ચી રહ્યા છે. આમ તલોદ નગરપાલિકામાં ખોબલે ખોબલે આપેલા મતનો યોગ્ય ઉપયોગ ન થયો હોવાનો અહેસાસ હાલ તો નગરજનોને થઈ રહ્યો છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડાના તાલુકાના ખુમાપુર ગામમાં ગૌચરની જમીનમાંથી રૂા.૪૦,૦૦૦/-ના વૃક્ષોનું નિકંદન એક ઈસમ ધ્વારા કરાયુ હોવાનું જાણવા મળેલ છે. ચંદ્રપાલસિંહ ચંપાવતના જણાવ્યા મુજબ ખુમાપુર ગ્રૂપ ગ્રામ પંચાયતના ગૌચરમાં રાજ્ય સરકાર યોજના હેઠળ સામાજીક વનીકરણ યોજના હેઠળ નર્સરી બનાવેલ હતી જેમાં વાંસ, ગુલમોર સહિત વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરેલ હતું. તા.૨૬/૪/૨૦૧૬ ના રોજ ખુમાપુર ગામના બેચરભાઈ વાઘજીભાઈ પટેલએ કોઈ પણ જાતની મંજુરી કે સંમતી વગર લાગવગના જોરે રૂા.૪૦,૦૦૦/-ના વૃક્ષોનું નિકદંન કાઢી જે.સી.બી. ધ્વારા ઝાડ ઉખેડી કાઢેલ હોવાનું જાણવા મળેલ છે. ખુમાપુર ગામમાં ગૌચરની જમીન પંચાયતની માલીકીની હોવા છતાં અમુક ખુમાપુર ગ્રૂપ ગ્રામ પંચાયતના જવાબદાર હોદેદારોની માલીભગતથી કોઈ પણ જાતની પરમીશન વગર લીલાં વૃક્ષોનું નિકંદન કાઢી નુકશાન કરેલ હોઈ આ બાબતે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે. બી. મોડીયા તેમજ વન વિભાગના અધિકારીઓને લેખિત જાણ કરી હોવાનું જાણવા મળેલ છે. ખુમાપુર ગ્રૂપ ગ્રામ પંચાયત મત વિસ્તારના જાગૃત પ્રજાજનો અને વૃક્ષ પ્રેમીઓમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે.



પ્રાંતિજ તાલુકાના તાજપુર અને અમીનપુર ગામે વીજળી પડવાના કારણે બે પશુઓના મોત નિપજ્યા હતા. જેમાં તાલુકા પંચાયત દ્વારા બન્ને પશુ માલિકોને ચેક દ્વારા સહાય આપવામાં આવી હતી. પ્રાંતિજ તાલુકાના પંચાયત દ્વારા પ્રાંતિજ તાલુકાના બે ગામોમાં વીજળી પડવાથી પશુઓના મોત થયા હતા. જેમાં અમીપુર ગામે રહેતા પટેલ ગાંડાભાઈ દેવકરણભાઈ તથા તાજપુર ખાતે રહેતા હઠીસિંહ છગનભાઈ ચૌહાણને તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ તાલુકા પ્રમુખ દક્ષાબેન, ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ બેચરસિંહ, સુરેશભાઈ તાલુકા પંચાયતના સદસ્યો દ્વારા બન્ને પશુ માલિકોને સહાય પેટે ૩૦ હજારના ચેક આપવામાં આવ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ૫૫ જેટલા શિક્ષકોની બદલીઓ રદ

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ૩ વર્ષ દરમિયાન કરાયેલા બદલીના આદેશને આજે પ્રાથમિક નિયામક તેમજ ગુજરાતના મુખ્ય પ્રધાનની સુચનાથી ૫૫ જેટલા શિક્ષકોની બદલીઓ રદ કરી દેવાતા સ્થાનિક શિક્ષણ જગત સહીત શિક્ષકોમાં પણ ખળભળાટ સર્જાવા પામ્યો છે.

બનાસકાંઠામાં છેલ્લા ૩ વર્ષ દરમિયાન ૩૪ શિક્ષક, ૧૮ આચાર્ય અને ૩ વિદ્યા સહાયકની બદલીઓ કરવામાં આવી હતી. જો કે છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિકો તેમજ શિક્ષણ જગતમાં ભ્રષ્ટાચાર સહિતની ફરિયાદો ઉઠવા પામી હતી. જેના પગલે બદલીનો મુદ્દો બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલા લોક સંવાદમાં પણ ઉઠવા પામ્યો હતો. જેના પગલે શિક્ષણ નિયામક તેમજ મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલની સુચનાથી જિલ્લામાં ૫૫ જેટલા શિક્ષકોની બદલીઓ રદ કરી તમામને જે તે જગ્યાએ ફરીથી નિયુક્ત કરવાનો આદેશ કરાયો છે. જો કે એક તરફ એટલી મોટી સંખ્યામાં શિક્ષકોને એક સાથે બદલીના ઓર્ડર રદ કરી તમામને મૂળભૂત જગ્યાએ મુકી દેવાતા આજે બદલી થયેલા શિક્ષકો જિલ્લા કચેરીએ દોડી આવ્યા હતા. તેમજ જિલ્લા પ્રાથમિક સંઘ દ્વારા પણ આ મુદ્દે ભારે વિરોધ કરાયો છે. આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવા પણ જિલ્લા કક્ષાના અધિકારીઓને જણાવાયું છે. એક તરફ શિક્ષક જગતમાં એક સાથે બદલીના આદેશ કરી તમામને ફરી જે તે સ્કૂલમાં મુકવાના આદેશ કરાયા છે. તેમજ સ્થાનિક શિક્ષકો અને સંઘ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યાની તૈયારી કરી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં શિક્ષકોના મુદ્દે શું નિર્ણય લેવાશે એ તો આવનારો સમય જ બતાવશે.

# મહેરવાડા ગામના યુવાનનુ અપહરણ કરી ચાર શખ્સોએ ૨ લાખની ખંડણી માંગી

ઊંઝા, તા. ૨૭

ઊંઝા તાલુકાના મહેરવાડા ગામે પ્રજાપતિવાસમાં રહેતા એક યુવાનનું મોટરકારમાં આવેલ ચાર શખ્સોએ અપહરણ કરી રૂપિયા બે લાખની માંગણી કરી શરીરે સખ્ત માર મારી ઊંઝા ખાતે છોડી દઈ ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મટી જવા પામી છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના મહેરવાડા ગામે પ્રજાપતિ વાસમાં રહેતા વિજયભાઈ બાબુલાલ પ્રજાપતિ નામના યુવાન રાત્રિના સમયે પોતાના ઘરે હાજર હતા ત્યારે સફેદ રંગની મોટરકારમાં ચાર શખ્સો આવ્યા હતા અને તેઓને બળજબરીપૂર્વક વિજયભાઈનું અપહરણ કર્યુ હતું. અપહરણકર્તાઓએ વિજયને મુક્ત કરવા માટે રૂપિયા બે લાખની માગણી કરી શરીરના પીઠ, કમર, પગના ભાગે સખ્ત માર માર્યો હતો. ત્યારબાદ આ યુવાનને ઊંઝા લાવી છોડી દઈ ચારેય શખ્સો મોટરકારમાં ક્યાંક ફરાર થઈ ગયા હતા.

આ બનાવ અંગે અપહરણનો ભોગ બનેલ યુવાનની બહેન આશાબેન ધવલકુમાર પ્રજાપતિની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ઈ.પી.કો. કલમ ૩૬૪(ક), ૩૨૩, ૩૩૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ચાર શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. આ ગુનામાં આરોપીઓ તરીકે સુનિલ ચૌધરી, મનિષ પટેલ, દિલીપ તેમજ અન્ય એક ઈસમ જેનું નામ સરનામું જણાવેલ નથી તેનો ઉલ્લેખ કરાયેલ છે. આ બનાવ સંદર્ભે હજી સુધી આરોપીઓના કોઈ સગડ મળ્યા નથી.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા બે ત્રણ દિવસમાં અપહરણ અને ખંડણીના બે ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાતા ગુનેગાર તત્વો જાણે બેફામ બન્યા હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ઉપરોક્ત પ્રજાપતિ યુવાનનું અપહરણ ખરેકર કયા કારણસર થયેલ છે તેની ચોક્કસ વિગત જાણી શકાઈ નથી.

# ઘડી-તલોદ હાઈવે પર ગરનાળામાંથી કીડાથી ખદબદતો અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજના ઘડી નજીક ઘડી-તલોદ હાઈવે પર આવેલ ગરનાળામાં કીડાથી ખદબદી રહેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાંતિજના ઘડી ગામ પાસે ઘડી તલોદ હાઈવે પસાર થાય છે. હાઈ-વે પર ઘડી ગામ પાસે ગંદા પાણી માટેનું ગરનાળુ આવેલુ છે. આ ગરનાળા ઉપરથી દરરોજ હજારો નાગરિકો વાહન ચાલકો પસાર થાય છે. આ દરમિયાન ગતરોજ કોઈ વ્યક્તિને ગરનાળામાંથી તીવ્ર દુર્ગંધ અનુભવાતા તેણે આ મામલે ગામના સરપંચને જાણ કરી હતી. સરપંચે ઘટનાસ્થળે આવી તપાસ કરતા અંદર કોઈ મૃતદેહ પડ્યો હોવાનું માલમ પુડ્યુ હતુ. આથી સરપંચ રમેશભાઈ પટેલે પ્રાંતિજ પોલીસમાં જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતદેહને બહાર કઢાવ્યો હતો. અને પીએમ અર્થે પ્રાંતિજ આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યા કરીને મૃતદેહને ગરનાળામાં ફેંકવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. મૃતકની ઉંમર અંદાજે ૨૫ વર્ષ તથા શરીરે કોટનનો શર્ટ, લીલા રંગનું જીન્સ પેન્ટ અને હાથમાં સફેદ કપડુ બાંધેલ હતુ અને કપડામાં એક રૂપિયાનો સિક્કો બાંધેલ મળી આવ્યો છે. જ્યારે મૃતદેહની બાજુમાંથી ૧૫ કિલો દળેલુ મીઠુ પણ મળી આવ્યુ હુ જેથી મૃતકની હત્યા કરી જમીનમાં દાટવાના ઈરાદે મીઠુ લાવ્યા હોય તેવુ જણાઈ આવે છે.

# મહિયલમાં માતાજી મંદિરના નિર્માણ અર્થે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન

તલોદ, તા. ૨૭

તલોદ તાલુકાના મહિયલ ગામમાં નિર્માણાધિન મહાકાલી મંદિર માટે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન યુવાનોએ હાથ ધર્યું છે. મંગળવારના રોજ સાબરકાંઠા જિલ્લા સાંસદના વરદહસ્તે ખુલ્લુ મુકાયેલ આ ટૂર્નામેન્ટમાં રાજકીય મહાનુભાવો સહિત ક્રિકેટ પ્રેમીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ગામમાં ધાર્મિક કાર્યને વેગ મળે તે હેતુસર ગામના જ યુવાનોએ બિડુ ઝડપી નિર્માણ ઝડપથી થાય તેવી શુભ આશય વ્યક્ત કર્યો હતો.

લોકોમાં અતિપ્રિય રમત એવી ક્રિકેટને ધાર્મિક કાર્ય સાંકળી લઈ આવકને તેજ કાર્યમાં ઉપયોગી બનાવવા તલોદ નજીકના મહિયલ ગામના યુવાનોએ કમર કસી છે. મહાકાલી યુવક મંડળ રચી ગામમાં જ નિર્માણ થઈ રહેલુ મહાકાલી માતાજીનું મંદિર લોકોમાં આસ્થાનું કેન્દ્ર બની રહે તેવા શુભ હેતુથી નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન યુવાનોએ કર્યું છે. ધાર્મિકતાના સંસ્કારને આવકારી સૌ કોઈ આ કાર્યને મદદરૂપ બની રહ્યું છે.

મહિયલ ગામમાં એક ખેતરમાં રાત દિવસ એક કરી ક્રિકેટ રમવા અંગેનું મેદાન તૈયાર કરી દેવાયું હતું અને મંગળવારના રોજ સાબરકાંઠા જિલ્લા સાંસદ દિપસિંહ રાઠોડે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તલોદપાલિકાના પૂર્વ પ્રમુખ રંગુસિંહ સોલંકી, તલોદ તાલુકાના




પુર્વ તાલુકા પ્રમુખ બંસીધર મહેતા, ભાજપ જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા અને યુવકોની આ કામગીરીને બિરદાવી હતી.

મહિયલ ગામના ડેપ્યુટી સરપંચ ડી.કે. ઝાલાની આગેવાનીમાં યોજાતી આ ટૂર્નામેન્ટમાં પંથકની ૬૪ ટીમોએ ભાગ લીધો છે. તેમજ આ ટૂર્નામેન્ટ લગભગ એક માસ સુધી ચાલવાની છે. ટૂર્નામેન્ટમાં થનાર ખર્ચ વગેરે બાદ કરતા થનારી આવકને ગામમાંજ બની રહેલા મહાકાલી મંદિરમાં દાન આપવાની જાહેરાત પણ ડી.કે. ઝાલાએ આ પ્રસંગે કરી હતી. ધાર્મિકતાને વેગ મળે તેવા શુભ હેતુ સાથે રમાઈ રહેલી આ ટૂર્નામેન્ટમાં દાનવીરો તરફથી પણ યથાશક્તિ ફંડ ફાળો મળી રહ્યો છે. અને સૌ આનંદ અને ઉત્સાહપૂર્વક આ આયોજન સફળ રહે તેવી ભાવના વ્યક્ત કરી રહ્યા છે.